# ઓલપાડમાં વારંવાર માછલાં મરવાનું કારણ વેસ્ટ કોસ્ટ ફ્રોજન ફૂડ કંપની તો નથી ને?

**કંપની** ઝીંગા પ્રોસેસ બાદ પ્રદૂષિત પાણી ખાડીમાં બેફામ છોડતી હોવાની જીપીસીબીને રજૂઆત, ગામલોકોમાં આક્રોશ, આગામી દિવસોમાં કલેક્ટર, પ્રાંત અને મામલતદાર સહિત મુખ્યમંત્રીને પણ રજૂઆત કરશે



સુરતઃ ઓલપાડના દરિયા કાંઠે થોડા મહિના પહેલા સેંકડો માછલીઓ મરેલી મળી આવી હતી. આ અંગેનું કારણ તંત્ર હજુ જાણી શકી નથી, ત્યારે ઓલપાડ ખાતે વેસ્ટ કોસ્ટ ફ્રોજન ફુડ નામની કંપની ખાડીમાં પ્રદૂષિત પાણી છોડતી હોવાની ફરિયાદ જીપીસીબીમાં થઈ છે. ત્યારે આ કંપનીના પાપે જ માછલીઓ મરી હોવાની ચર્ચાઓ ઉઠી છે અને આ ગંભીર બાબત અહીં જ રોકવામાં નહી આવે તો સેંકડો દરિયાઈ જીવો પર ખતરો મંડરાઈ રહ્યો છે.

ઓલપાડના દરિયાકાઠે ઘણી વખત માછલીઓ મરેલી હાલતમાં મળી આવતી હોવાનું ધ્યાને આવ્યું છે, પરંતુ આજદિન સુધી જીપીસીબી કે તંત્ર તેનો ફોડ પાડી શક્યું નથી. ઓલપાડ વિસ્તારની વેસ્ટ કોસ્ટ ફ્રોજન ફૂડ નામની કંપની પ્રોસેસીંગ યુનિટમાંથી ખાડીમાં પ્રદૂષિત પાણી છોડી રહી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. આજે જીપીસીબીને પણ આ અંગે ફરિયાદ થઈ છે. આગામી દિવસોમાં ગામવાસીઓ ઓલપાડ પ્રાંત અધિકારી, મામલતદાર, કલેક્ટર સહિતના અધિકારીઓને પણ ફરિયાદ કરશે.

ઝીંગા પ્રોસેસિંગની પ્રક્રિયામાં ઝીંગા પાણીમાંથી પકડવામાં આવે છે, તેને સારી રીતે ધોઈને કચરો અથવા અન્યો અશુદ્ધિઓ દૂર કરવામાં આવે છે.

આ પછી ઝીંગાનું આકાર અને ગુણવત્તા મુજબ સોર્ટિંગ થાય છે. ઝીંગાના માથા અને શેલ (બાહ્ય કવચ)ને દૂર કરવામાં આવે છે. ડિહેડિંગ અને ડિવેઇનિંગ પછી, ઝીંગાને ફરી ધોઈને ફ્રેશ બનાવવામાં આવે છે.

ઝીંગાને લાંબા સમય સુધી સ્ટોર કરવા માટે તેમાંથી પાણી કાઢીને માઈનસ તાપમાને ફ્રીઝ કરવામાં આવે છે.

આ પ્રક્રિયામાં તેનામાં તાજગી જાળવવામાં આવે છે. જુદા જુદા પ્રકારના ફ્રીઝિંગ તંત્રો, જેમ કે બ્લાસ્ટ ફ્રીઝિંગ અને IQF (Individually Quick Frozen) ઉપયોગમાં લેવાય છે અને બાદમાં ઝિંગ પછી ઝીંગાને પ્લાસ્ટિક પેકેટ અથવા બોક્સમાં પેક કરવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયામાં ફૂડ સેફટી અને હાઈજીનનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે અને તેના પ્રોસેસિંગના પાણીને યોગ્ય રીતે ટ્રીટ કરવું એટલે જ જરૂરી બને છે.

### ઝીંગાના ઉછેરથી લઈને પ્રોસેસિંગ સુધીની પ્રક્રિયા જોખમી, આ કારણે ટ્રીટ કરવું જરૂરી

ઝીંગાના તળાવમાં બીજી જંગલી માછલીઓને મારવા ટી સીડ કેક (ચાનો ખોળ) વપરાય છે. જે પાણી બહાર કાઢવામાં આવે ત્યારે દરિયાની કે નદીની માછલીઓને મારી નાંખે છે. ઝીંગામાં રોગ ન આવે માટે એન્ટી બાયોટીક્સ વપરાય છે, જે વધારાનું પાણી બદલતી વખતે દરિયા કે નદીમાં જાય છે. ઝીંગા જલ્દી મોટા કરવા સ્ટીરોઈડ યુક્ત ખોરાક વપરાય છે. જે પાણી કાઢે ત્યારે દરિયા કે નદીમાં જાય છે. ભાંભરૂ પાણી તળાવમાં ભરી રાખવામાં આવે, તો જમીન તળમાં રહેલું પાણી પણ ભાંભરૂ બની જાય છે. જે વાપરવા યોગ્ય રહેતું નથી.

### કંપની નિયમાનુસાર ચાલે છેઃ મેનેજર

વેસ્ટ કોસ્ટ કંપનીના મેનેજર અનિરૂધ્ધભાઇએ જણાવ્યું હતું કે તેમની કંપની નિયમો અનુસાર ચાલે છે.

# શુક્રવારે ઉત્રાણ-મોટા વરાછાના અમુક વિસ્તારોમાં પાણીકાપ

**સરથાણા** ઝોનમાં શુક્રવારે પાણીકાપથી સીધા 3.50 લાખ લોકોને અસર થશે

સુરતઃ સુરત મહાનગરપાલિકાના સરથાણા ઝોન વિસ્તારમાં આવેલા વરાછા જળ વિતરણ મથક હેઠળ નેટવર્ક રિપેરિંગની કામગીરી શુક્રવારે કરવામાં આવશે. આ કામગીરી શુક્રવારે વહેલી સવારથી જ કામગીરી શરૂ કરાશે. જેના કારણે સરથાણા ઝોન વિસ્તારમાં પાણીકાપ રહેશે અને 3.5 લાખ લોકોને અસર થશે. મનપાની યાદીમાં જણાવ્યા મુજબ આ વિસ્તારોમાં તા.4/10/2024ના રોજ પીવાનું પાણી નહીં મળે. આ ઉપરાંત બીજા દિવસે પણ ઓછા પ્રેશરથી પાણીનો જથ્થો મળશે. જેથી પાલિકા દ્વારા અસરગ્રસ્ત વિસ્તારમાં આવતા લોકોને પૂરતા પાણીનો સંગ્રહ કરવા માટે અપીલ કરવામાં આવી છે.

### કયા કયા વિસ્તારોમાં અસર થશે

» ઉત્રાણ ગામતળનો વિસ્તાર તેમજ ઉત્રાણ વી.આઇ.પી. સર્કલની આસપાસનો ટી.પી. વિસ્તાર » મોટા વરાછા સી.એન.જી. પમ્પ પાસે આવેલી ઓવરહેડ ટાંકી વિસ્તાર હેઠળ આવતા સુદામા ચોકથી ગોલ્ડન સ્ક્વેર થઇ મહારાજા ફાર્મ સુધીનો વિસ્તાર » મહારાજા ફાર્મથી રામચોકનો આસપાસનો વિસ્તાર અને રામચોકથી સુદામા ચોક સુધીનો વિસ્તાર » મોટા વરાછા કબ્રસ્તાન પાસે આવેલી ઓવરહેડ ટાંકીમાં આવતા મોટા વરાછા ગામતળ મોટા વરાછા કબ્રસ્તાનથી અબ્રામા ચેકપોસ્ટ સુધી તથા મોટા વરાછા કબ્રસ્તાનથી સવજી કોરાટ બ્રિજ સુધીનો સમગ્ર વિસ્તાર » રાધે ચોકથી રામચોક સુધીનો સમગ્ર વિસ્તાર અને પેડર રોડનો સમગ્ર વિસ્તાર અને મોટા વરાછા ગામતળ, સેટેલાઇટ મેઇન રોડ, મહાદેવ ચોકથી લજામણી ચોક સુધીનો સમગ્ર વિસ્તાર તથા સુદામા ચોકથી યમુના ચોક સુધીનો સમગ્ર વિસ્તાર

# ડાંગ સહિત રાજ્યમાં નવી સાત બ્રાઉન ફિલ્ડ મેડિકલ કોલેજ શરૂ કરાશે

**નવી** સાત કોલેજ બોટાદ, દેવભૂમિ-દ્વારકા, ગીર સોમનાથ, ખેડા-નડિયા, છોટાઉદેપુર, મહિસાગર-લુણાવાડા અને ડાંગ-આહવા જિલ્લામાં શરૂ થશે

ગાંધીનગરઃ રાજ્ય સરકાર દ્વારા વર્ષ-૨૦૧૬માં રાજ્યની જિલ્લા સ્તરની સરકારી હૉસ્પિટલોને અપગ્રેડ કરીને જે તે જિલ્લામાં હૉસ્પિટલ સંલગ્ન મેડિકલ કોલેજ ખોલવા અંગેની બ્રાઉન ફિલ્ડ મેડિકલ કોલેજની નીતિ બનાવવામા આવી હતી. આ નીતિમાં કેટલાક મહત્વના સુધારા કરવામાં આવ્યાં છે. રાજ્યમાં હાલ બનાસકાંઠા-પાલનપુર, અમરેલી, દાહોદ, ભરૂચ અને તાપી-વ્યારા એમ પાંચ જિલ્લા ખાતે બ્રાઉન ફિલ્ડ મેડિકલ કોલેજ કાર્યરત છે. બ્રાઉન ફિલ્ડ નીતિમાં સુધારો થવાથી રાજ્યમાં બોટાદ, દેવભૂમિ-દ્વારકા, ગીર સોમનાથ, ખેડા -નડિયાદ, છોટાઉદેપુર, મહિસાગર-લુણાવાડા અને ડાંગ-આહવા એમ કુલ સાત જિલ્લામાં બ્રાઉન ફિલ્ડ મેડિકલ કોલેજ શરૂ કરવામાં આવશે. આ મેડિકલ કોલેજો શરૂ થવાથી રાજ્યની પ્રજાને જિલ્લા સ્તરે વધુ આરોગ્યપ્રદ સેવાઓ તજજ્ઞ ડોકટરો દ્વારા મળી શકશે.

### નવી મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિ.માં એનઆઈસીયુ, ડાયાલિસિસ માટે યુનિટ સહિતની વ્યવસ્થા કરવી પડશે

કેબિનેટ બેઠકમાં થયેલી ચર્ચા બાદ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું હતું કે, હાલમાં કાર્યરત બ્રાઉન ફિલ્ડ નીતિમાં પ્રજાલક્ષી મહત્વના સુધારા કરવાનું રાજ્ય સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે.જેમાં સગર્ભા મહિલાઓને પ્રસુતિ પછી ૨૦ દિવસ સુધી તથા એક વર્ષ સુધીના બાળકો માટે સંપૂર્ણ ફ્રી સારવાર આપવાની રહેશે. જે માટે જરૂરિયાત મુજબનું એન.આઇ.સી.યુ. બનાવવાનું રહેશે. ડાયાલીસિસની સેવાઓ માટે ઓછામાં ઓછું ૧૦ પથારીનું યુનિટ બનાવવાનું રહેશે. શાળા આરોગ્ય કાર્યક્રમના રેફરડ વિદ્યાર્થીઓના કિસ્સામાં હૃદય, મગજ, કેન્સર અને ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ, કોક્લીયર ઈમ્પ્લાન્ટ સિવાયની તમામ સારવાર ફ્રી આપવાની રહેશે. હોસ્પિટલ ખાતેની બ્લડ બેંક બ્રાઉન ફિલ્ડ મેડિકલ કોલેજ બનાવ્યા પછી પણ ફરજિયાત ચાલુ રાખવાની રહેશે તથા દર્દીની જરૂરિયાત અને અગ્રતાને ધ્યાને લઈ તમામને જરૂરીયાત મુજબ નિઃશૂલ્ક બ્લડ પુરૂ પાડવાનુ રહેશે તથા આજુ બાજુની સરકારી સંસ્થાઓને જરૂરિયાત મુજબ કોઈપણ જાતના ભેદભાવ વગર નિઃશૂલ્ક બ્લડ પુરુ પાડવાનું રહેશે. સંસ્થા દ્વારા હોસ્પિટલનુ સંચાલન સંભાળ્યાથી ટ્રોમાના દર્દીઓ તથા વાહન અકસ્માતના દર્દીઓને ફરજિયાતપણે નિઃશૂલ્ક સારવાર આપવાની રહેશે.

# મોરબીના લીલાપર નજીક કારમાં આગ લાગતાં યુવા ઉદ્યોગપતિ ભડથું થઈ ગયા

**39** વર્ષીય અજય ગોપાણીએ કારમાંથી બહાર નીકળવા ભારે ધમપછાડા કર્યાં, પરંતુ દરવાજા લોક થઈ જતાં કરુણ મોત



સુરત, ગાંધીનગર : મોરબીના લીલાપર નજીક અચાનક કાર ભડભડ સળગી ઉઠતા કારમાં સવાર યુવા ઉદ્યોગપતિ અજય નાનજીભાઈ ગોપાણી (ઉં. 39), બહાર નીકળી ન શકતા ભૂંજાઈ ગયા હતા. કારના દરવાજા લોક થઈ ગયા હતા, જેથી ગુંગળામણ અને આગના કારણે તેમનું મૃત્યુ નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં ફાયરની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ મોરબીના રવાપર પાસે રહેતા અજય ગોપાણી સિરામિક ક્ષેત્રના જાણીતા ઉદ્યોગપતિ છે. તેઓ મોરબી નજીક એક્સપોર્ટ સિરામીક નામનું કારખાનું ચલાવે છે. આજે બપોરે તેઓ પોતાની કિયા કારમાં લીલાપર કેનાલ રોડ પરથી પસાર થઈ રહ્યા હતાં, ત્યારે કારમાં આગ ફાટી નીકળી હતી. અજયભાઈએ કારમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કર્યો પરંતુ કારના દરવાજા લોક થઈ જતાં તેઓ ફસડાઈ પડ્યા હતાં. ધુમાડો, ગુંગળામણ અને આગમાં ભડથું થઈ જતાં તેમનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતાં લોકો દોડી આવ્યા હતા અને આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો. ફાયર બ્રિગેડને જાણ કરાતાં ફાયર વિભાગની ટીમ તથા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફાયરની ટીમે સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવી લીધો હતો. ત્યારબાદ અજયભાઈના મૃતદેહને બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

કારમાંથી 5 લાખ રોકડા, 8 મોબાઈલ, સોનાની વિંટી અને પિસ્તોલ મળી આવ્યા છે, જે મૃતકના પિતરાઈને સોંપવામાં આવી છે. આગ કયા કારણોસર લાગી હતી તે અંગે કોઇ જાણકારી પ્રાપ્ત થઇ નથી. પોલીસે ગુનો વધુ તપાસ હાથ ધરી છે.

# સુરત રેલવે સ્ટેશનનું પ્લેટફોર્મ નં.4 હવે માર્ચ-2025 સુધી બંધ, 16 ટ્રેન ઉધનાથી ઓરિજનેટ-ટર્મિનેટ થશે

**સુરત** ખાતે યાત્રા પૂર્ણ કરતી 16 ટ્રેન ઉધનાથી ઉપડશે અને ઉધના ખાતે યાત્રા પૂર્ણ કરશે

સુરતઃ સુરત રેલવે સ્ટેશનના રિડેવલપમેન્ટ માટે પ્લેટફોર્મ નંબર 4 હવે માર્ચ 2025 સુધી બંધ રહેશે. તેના કારણે સુરતથી ઉપડતી અને સુરત ખાતે યાત્રા પૂર્ણ કરતી 16 ટ્રેનો ઉધનાથી ઉપડશે અને ઉધના ખાતે યાત્રા પૂર્ણ કરશે. સુરત રેલવે સ્ટેશનને વિશ્વ કક્ષાનું બનાવવા માટે રેલવે આગળ વધી રહ્યું છે. પહેલા ફેસમાં પૂર્વ તરફ કોનકોર્સને બનાવવા માટે છેલ્લા 6 મહિનાથી કામ ચાલી રહ્યું છે. તે માટે 6 મહિનાથી પ્લેટ ફોર્મ નંબર 4 ટ્રેનોના ઓપરેશન માટે બંધ કરવામાં આવ્યું હતું. છેલ્લે 30 સપ્ટેમ્બરથી પ્લેટફોર્મ નંબર 4 ટ્રેનોના અવર-જવર માટે શરૂ કરવાનું પ્લાનિંગ હતું. પરંતુ હજી સુધી પ્લેટફોર્મ નંબર 4 પાસેનો કોનકોર્સનું કામ પૂર્ણ થયું નથી. તેને હજી 6 મહિના લાગી શકે એમ છે. તેથી હવે પ્લેટફોર્મ નંબર 4 હવે માર્ચ 2025 સુધી બંધ રહેશે. તેના કારણે 16 ટ્રેનો સુરતના સ્થાને ઉધનાથી ઓરિજનેટ-ટર્મિનેટ થશે. તેમાં ટ્રેન સુરત-વિરાર-સુરત,સુરત- બાંદ્રા ટર્મિનસ ઇન્ટરસિટી-સુરત સુરત-ભુસાવલ-સુરત પેસેન્જર, સુરત-ભુસાવલ-સુરત એક્સપ્રેસ, સુરત-છપરા-સુરત ક્લોન સ્પેશિયલ, સુરત-છપરા-સુરત તાપ્તીગંગા એક્સપ્રેસ, સુરત-ભાગલપુર-સુરત એક્સપ્રેસ,સુરત-અમરાવતી-સુરત સુપર ફાસ્ટ એક્સપ્રેસનો સમાવેશ થાય છે.

# નર્મદ યુનિ.એ પરીક્ષા ફીમાં 10 ટકા સુધીનો વધારો જાહેર કર્યો

સુરતઃ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા પરીક્ષાની ફીમાં સરેરાશ 10 ટકાનો વધારો કરાયો છે. હવે શૈક્ષણિક વર્ષ 2024-25થી લેવામાં આવનાર તમામ અભ્યાસક્રમની પરીક્ષાઓમાં નવું પરીક્ષા ફી માળખુ અમલી બનાવવામાં આવશે. યુનિવર્સિટીમાં કાર્યરત 12 વિદ્યાશાખાનાં 96 જેટલા અભ્યાસક્રમની સેમેસ્ટર પ્રમાણે પરીક્ષા લેવાય છે. આ પરીક્ષા ફીમાં લાંબો સમયથી કોઇ વધારો કરાયો નહોતો. જો કે હવે અધ્યાપકોને પરીક્ષાલક્ષી કામગીરીનું મહેનતાણું ચુકવવા તેમજ પ્રશ્નપત્ર પ્રિન્ટીંગ અને પરીક્ષાલક્ષી અન્ય ખર્ચને પહોંચી વળવા માટે પરીક્ષા ફી વધારો કરવો જરૂરી હોવાનાં મત સાથે યુનિવર્સિટીએ પરીક્ષા ફી વધારો જાહેર કર્યો છે.

# પશ્ચિમ રેલવે સુરત થઈને જતી 9 જોડી ટ્રેનમાં ટેમ્પરરી વધારાના કોચ જોડશે

**ટ્રેનમાં** વધારાના કોચના કારણે પ્રવાસીઓને લાભ થશે

સુરતઃ પ્રવાસીઓના ઘસારાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે સુરત થઈને જતી 9 જોડી ટ્રેનોમાં ટેમ્પરરી વધારાના કોચ જોડશે, જેના કારણે સેંકડો પ્રવાસીઓને લાભ થશે.

પશ્ચિમ રેલવેના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર ટ્રેન નંબર 22474-22473 બાંદ્રા-બિકાનેર એક્સપ્રેસમાં વધારાનો એક એસી ટુ ટાયર અને એક એસી થ્રી ટાયર, ટ્રેન નંબર 09622-09621 બાંદ્રા-અજમેર-બાંદ્રા એક્સપ્રેસમાં એક વધારાનો એક સ્લીપર ક્લાસ કોચ, ટ્રેન નંબર 09654-09653 બાંદ્રા-અજમેર એક્સપ્રેસમાં એક વધારાનો સ્લીપર કોચ, ટ્રેન નંબર 22915-22616 બાંદ્રા-હિસાર-બાંદ્રા હમસફર એક્સપ્રેસમાં વધારાનો સ્લીપર કોચ, ટ્રેન નંબર 14707-14708 દાદર-બિકારને એક્સપ્રેસમાં એક વધારાનો સ્લીપર ક્લાસ, ટ્રેન નંબર 14808-14807 દાદર-જોધપુર-દાદર એક્સપ્રેસમાં એક એસી થ્રી ટાયર, એક એસી થ્રી ટાયર (ઇકોનોમી) અને બે સ્લીપર ક્લાસ કોચ, ટ્રેન નંબર 20484-20483 દાદર-ભગત કી કોઠી એક્સપ્રેસમાં એક એસી થ્રી ટાયર, એક એસી થ્રી ટાયર (ઇકોનોમી) અને બે સ્લીપર ક્લાસ કોચ, ટ્રેન નંબર 16505-16506 ગાંધીધામ-બેંગલુરુ એક્સપ્રેસમાં બે વધારાના સેકન્ડ ક્લાસ જનરલ કોચ, ટ્રેન નંબર 20916-20915 ઈંદોર-લિંગમપલ્લી-ઈંદોર હમસફર એક્સપ્રેસમાં એક વધારાનો એસી થ્રી ટાયર કોચ જોડવામાં આવશે.

# કામરેજ ગ્રા. પં.ના ભંગાર કૌભાંડમાં આમરણાંત ઉપવાસની ચીમકીથી તંત્ર હાલ્યું

**હવે** આંદોલનકારીને 10 દિવસમાં પગલાં લેવા ખાતરી આપી

સુરતઃ સુરત જિલ્લા પંચાયત હેઠળ આવતી કામરેજ ગ્રામ પંચાયતમાં ભ્રષ્ટાચાર અને લાખોની ઉચાપત મામલે કોઈ કાર્યવાહી થતી નથી. પદાધિકારીઓ સાથે કૌભાંડમાં અધિકારીઓની ભૂમિકા શંકાસ્પદ બની છે. ગાંધીનગરથી તપાસનો આદેશ છતાં કોઈ કાર્યવાહી નહીં થતા અંતે જાગૃત નાગરિક આજે આમરણાંત ઉપવાસ ઉપર બેઠો હતો. ડેપ્યુટી ડીડીઓએ તેને 10 દિવસમાં કાર્યવાહીની ખાતરી આપી હાલ મામલો શાંત પાડવા પ્રયાસ કર્યો છે.

મળતી માહિતી મુજબ કામરેજ ગ્રામ પંચાયતનો અંદાજીત 10 થી 12 લાખનો કાટમાળ બારોબાર વેચી દીધો હોવાનું સામે આવ્યું હતું. અંદાજે 20 કરોડ રૂપિયા ઘર વેરા માંગણાની આવક ધરાવતી કામરેજ ગ્રામ પંચાયતના સરપંચ, સરપંચના પતિ, જીગ્નેશ શાહ, ડેપ્યુટી સરપંચ ઉપેન્દ્ર ઓઝા અને તલાટી કમ મંત્રી બાબુભાઈ ચેનવાએ ભેગા મળી ગ્રામ પંચાયતનો અંદાજીત 10 થી 12 લાખનો ભંગાર બારોબાર વેચી નાંખ્યાનો આક્ષેપ છે. આ અંગે એક જાગૃત નાગરિકે વિકાસ કમિશનર સુધી ફરિયાદ કરી હતી. જ્યાંથી તપાસના આદેશ મળ્યા છતાં સ્થાનિક તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી થઈ નહોતી.

અંતે ફરિયાદી પાંડુરંગ રાધાકૃષ્ણ ખાટે (રહે.દેવનગરી, કામરેજ) આજે તંત્રની નફ્ફટાઈ સામે ન્યાયની માંગણી સાથે આમરણાંત ઉપવાસ ઉપર બેઠા હતા.

# સર્વર ડાઉન છે, તમારું ઓપરેશન નહીં થઈ શકે

**PMJAYનું** સર્વર ડાઉન થતાં હજારો દર્દીઓ સારવાર વગર રઝળી પડ્યા

**ઓફલાઈન** વિગતો લઈ તાત્કાલિક ઓપરેશન કરવા કોંગ્રેસની માંગ

અમદાવાદ : રાજ્યભરમાં પીએમજેએવાય યોજના હેઠળ હજારો દર્દીઓ સારવાર લેવા માટે લાઈનો લગાવીને બેઠા હતા ત્યારે જ સર્વર ડાઉન હોવાથી હાલમાં ઓપરેશન થઈ શકે નહીં, તેમ કહી દર્દીઓના ઓપરેશનો કરવામાં આવ્યા ન હતા. આ બાબત ખૂબ જ ચિંતાજનક છે હોવાથી તાત્કાલિક ધોરણે આ યોજના હેઠળ દર્દીઓને સારવાર મળે તેવી વ્યવસ્થા ગોઠવવા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે પીએમ અને સીએમ ને ઈમેલ કરીને માંગણી કરી છે.

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, રાજ્યમાં પીએમજેએવાય યોજના હેઠળ હજારો દર્દીઓ તેમના ઓપરેશનની તારીખો લઈને બેઠા છે. છતાં ઓપરેશન થતાં નથી સર્વર ડાઉન છે, તે બહાને તેમની સારવાર અટકાવી દેવામાં આવી છે. સર્વર ડાઉન હોવાથી અંગુઠો મેચ થતો નથી. તેમ કહી આ યોજના હેઠળ સારવાર આપવામાં આવતી નથી. કેટલીક ગંભીર બીમારીઓમાં તાત્કાલિક ઓપરેશન કરવું જરૂરી છે, તેવામાં સર્વર ડાઉન હોય અને સારવાર નહીં થાય તે વ્યાજબી નથી.

લોકોના જીવની કિંમતથી વધુ કશું હોઈ શકે નહીં, ત્યારે પ્રજાના નાણાથી આ યોજના ચાલતી હોય અને તેવામાં પણ અન્ય એજન્સીઓને વચ્ચે ઘૂસાડીને આ પ્રકારે સર્વર ડાઉનના બહાને સારવાર નહીં કરવામાં આવે જે ખૂબ જ ચિંતાજનક બાબત છે.

જો ઓનલાઈન સિસ્ટમ ન ચાલે તો ઓફલાઈન વિગતો લઈને પણ તાત્કાલિક ઓપરેશનો કરી દર્દીને સારવાર આપવી જોઈએ. આ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને ઈમેલ કરીને તાત્કાલિક નિર્ણય લેવા માંગ કરી છે.

### ટેક્નિકલ ખામી દૂર કરાઇ : ઋષિકેશ પટેલ

ગાંધીનગર : ગુજરાતમાં PMJAY યોજનાનું અમલીકરણ ખોરવાયુ હોવાના કોંગ્રેસના આક્ષેપોનો જવાબ આપતા કેબીનેટ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું હતું કે હાલ ગુજરાત રાજ્યમાં PMJAY યોજનાનો દર્દીઓને NHA (National Health Authority) નાં TMS (Transaction Management System) પોર્ટલ થકી રજિસ્ટર કરી લાભ અપાય છે. છેલ્લા બે દિવસથી આખા દેશમાં પોર્ટલમાં ઇશ્યુ હતો. જે આજે સવારથી આ બાબતનું નિવારણ થઇ ગયું છે. તમામ પ્રક્રિયા રાબેતા મુજબ ચાલુ છે. જ્યારે ઇશ્યુ હતો ત્યારે પણ કચેરીએથી લાભાર્થીઓને મુશ્કેલી ના પડે તે હેતુથી TPN થકી એપ્રુવલ અને મેન્યુઅલ ડિસ્ચાર્જ થાય તે અંગે વ્યવસ્થા કરેલ અને જેની જાણ ઇ-મેલ થકી જીલ્લા તથા ઇન્શ્યોરેન્સ કંપનીને કરાઇ છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### ઉકાઇ ડેમ...

થશે. જે સમગ્ર તાપી નદીના પ્રવાહ ક્ષેત્રને લાભ આપશે. ડેમ 100 ટકા ભરાતા પાણી પુરવઠો માટે વર્ષભર સારી પરિસ્થિતિ રહેવાની છે. ડેમ છલકાતા ડેમના સત્તાધિશોની સાથે ખેડૂતો પણ આનંદીત થયા છે. કારણ કે આખું વર્ષ, ખાસ કરીને ઉનાળામાં પાણીની સૌથી વધારે જરૂરીયાત હોય છે અને જો ડેમ પુરેપુરો ભરાયેલો હોય તો પાણીનો પુરવઠો સરળતાથી આપી શકાય છે.

આજે સવારે 10 વાગે ડેમ 345 ફુટ ભરાઈ ગયો હતો. સાંજે ડેમમાં 5900 ક્યુસેક પાણીની આવક હતી. એક હાઈડ્રો ચાલુ રાખવા 5900 ક્યુસેક પાણી છોડવાનું ચાલુ રખાયું હતું. આ સિવાય ઉકાઈ ડેમના ઉપરવાસના 51 રેઈનગેજ સ્ટેશનો મળીને સરેરાશ 32.33 ઇંચ વરસાદ નોંધાયો છે. ઉકાઈ ડેમના કેચમેન્ટ વિસ્તારમાં સૌથી વધારે 82.96 ઇંચ વરસાદ નોંધાયો છે, જ્યારે નારાણપુરમાં સૌથી ઓછો 4 મીમી વરસાદ નોંધાયો છે.

### નર્મદા ડેમ પૂર્ણ...

છે. સીએમ ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ૧૦,૦૧૪ ગામ, ૧૮૩ શહેર અને ૭ મહાનગરપાલિકા વિસ્તારો એમ કુલ મળીને ૪ કરોડ જેટલા લોકોને પીવાનું પાણી પૂરું પાડતા આ પ્રોજેક્ટના જળાશયમાં પૂર્ણ સપાટીએ છલકાતાં જળ રાશિનું ઉમંગ અને ઉલ્લાસમય વાતાવરણમાં મંત્રોચ્ચાર વચ્ચે પૂજન કર્યુ હતું. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, પીએમ નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી તરીકેનું સેવા દાયિત્વ સંભાળ્યાના માત્ર ૧૭ દિવસમાં જ નર્મદા ડેમનું બાકીનું કામ પૂર્ણ કરવા તથા ગેટ બેસાડવાની મંજૂરી આપી હતી. રાજ્ય સરકારે પણ ત્વરાએ આ કામગીરી હાથ ધરીને ૩૦ દરવાજાઓની કામગીરી સહિતની બધી જ કામગીરી નિર્ધારીત સમય કરતાં ૯ મહિના વહેલી પૂર્ણ કરી દીધી હતી. પીએમ નરેન્દ્ર મોદીએ ૨૦૧૭માં તેમના જન્મદિવસ, ૧૭મી સપ્ટેમ્બરે સરદાર સરોવર ડેમનું રાષ્ટ્રાર્પણ કર્યું છે. ૨૦૧૭માં રાષ્ટ્રાર્પણ પછી અત્યાર સુધીમાં પાંચવાર આ ડેમ તેની મહત્તમ સપાટીએ ભરાયો છે. સરદાર સરોવર ડેમના છલકાવાથી અગાઉ દરિયામાં નિરર્થક વહી જતાં પાણી હવે સૌની યોજના દ્વારા સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમ ભરવા તથા સુજલામ સુફલામ યોજના દ્વારા ઉત્તર ગુજરાતનાં ૯ મોટા-મધ્યમ જળાશયો અને ૯૦૯ તળાવમાં પહોંચાડવામાં આવે છે. આ વર્ષે પણ સરદાર સરોવર નર્મદા ડેમ ઓવરફ્લો થતાં રાજ્યની જુદી-જુદી ૧૦ નદીમાં નર્મદા જળરાશિ વહેવડાવીને આ નદીઓને જીવંત કરવામાં આવી છે.

### અડાજણમાં તોતિંગ...

તબીબ પતિ ડો. ચીરાગ સોલંકીને જાણ કરી હતી અને ઈજાગ્રસ્ત મહિલાને રીક્ષામાં બેસાડી હોસ્પિટલ પહોંચાડવા સાથે ગયા હતા.

પ્રાપ્ત જાણકારી મુજબ આજે સાંજે 5:30 કલાકે અડાજણ સ્થિત શાંતીકુંજ ગાર્ડન નજીક શાલીભદ્ર એપાર્ટમેન્ટની નજીક એક વિશાળ વૃક્ષ જમીનદોસ્ત થઈ ગયું હતું. વૃક્ષ પડતાની સાથે જ ત્યાંથી મોપેડ લઈને પસાર થઈ રહેલી 38 વર્ષિય મહિલા પુર્વી ચિરાગભાઈ સોલંકી તેની નીચે દબાઈ ગઈ હતી. રાહદારીઓ તથા સ્થાનિક લોકો પણ મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા અને ત્યાં આવી ગયેલા કોર્પોરેટર વૈશાલી શાહે ફાયરને જાણ કરી દીધી હતી. દરમિયાન વૃક્ષ નીચે દબાઈ ગયેલી મહિલાને તુરંત બહાર કાઢીને હોસ્પિટલ ખસેડી હતી.

### વરસાદને કારણે...

મિલમાં ડિઝાઈનર તરીકે નોકરી કરીને પરિવારનું ભરણ-પોષણ કરતો હતો. પરિવારમાં તેને પત્ની અને એક પુત્ર છે. મંગળવારે બપોરે બાઈક પર મુસ્તુકિર તેના મિત્ર રુબેલ સાથે ભેસ્તાન બાલ ક્રિષ્ના રોડ પરથી પસાર થતો હતો. તે સમયે વરસાદના કારણે બાઈક સ્લીપ થઇ જતાં બંને રોડ પર પટકાયા હતા. ગંભીર ઇજાના કારણે મુસ્તુકિરનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું, જ્યારે મિત્ર રુબેલને ઈજાઓ થતા તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. ભેસ્તાન પોલીસે ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરી છે.

### ડોમમાં થયેલા...

તેમાં ઉપયોગમાં લેવાનારી તમામની વિસ્તૃત વિગતની જાણ પ્રશાશન પાસે હોવી જોઈએ. તેમાં બાંધકામ કરનારની બાહેધરી લેવામાં આવે. ડોમમાં ટેમ્પરરી બાંધકામવાળા સ્થળ પર જ્યારે આવું આયોજન થાય તેની પ્રશાસનના તમામ અધિકારી જેમાં કોર્પોરશન, પોલીસ, ફાયર, વીજળી વિભાગ, મનોરંજન, જી.એસ.ટી, તમામ વિભાગની ચોક્કસ જવાબદારી નક્કી કરવામાં આવે.

આ આયોજન ક્ષમતા મુજબ પાર્કિંગ વ્યવસ્થા ફ્રી કરવામાં આવે, જેનાથી આજુબાજુની સોસાયટી, રોડ રસ્તા પર લોકો પાર્કિંગ કરી રોડ બંધ કરી અવ્યવસ્થા ઊભી નહીં કરે તે બાબતસર જરૂરી સુરક્ષા વ્યવવસ્થા ચોક્કસ બને તેવી અમારી માંગણી છે. જ્યારે આપણે આ વ્યવસ્થામાં ભૂતકાળમાં થયેલી દુર્ઘટનાઓને ધ્યાનમાં લઈને તંત્ર દ્વારા આ બાબતને ગંભીરતાથી લઈ જરૂરી તમામ માપદંડ બનાવી આવા આયોજન સુરક્ષિત થાય તે માટે તંત્ર જરૂરી તમામ પગલાં ભારે અને પવિત્ર નવરાત્રિમાં ભાગ લેનાર તમામ લોકો નિર્ભયતાથી રમે, ભાગ લે તેમની સુરક્ષા વ્યવસ્થા ચોક્કસ બને તેવી માંગણી કોગ્રેસે કરી છે.

### સુરતથી 100...

આવેલી હૈદરાબાદ-સુરત-હૈદરાબાદની વિકમાં ત્રણ દિવસની ફ્લાઇટને કોઈપણ પ્રકારના પ્રચાર પ્રસાર વિના પ્રથમ દિવસે 75% પેસેન્જરો મળ્યા છે. હૈદરાબાદ રૂટ પર પેસેન્જરોનો ધસારો જોતાં સ્ટાર એરને દિવાળી વેકેશનમાં સારો લાભ મળશે. સ્ટાર એર હૈદરાબાદ-સુરત-હૈદરાબાદની

ફ્લાઇટ સુરત એરપોર્ટથી વિકમાં ત્રણ દિવસ રવિવાર, મંગળવાર અને શુક્રવારે ઓપરેટ કરશે. હૈદરાબાદ એરપોર્ટથી સાંજે 19:00 કલાકે ફ્લાઇટ ટેકઓફ થઇ સુરત એરપોર્ટ પર 20:30 કલાકે લેન્ડ થશે. સુરતથી આ ફ્લાઇટ 20:55 કલાકે ટેકઓફ થઈને હૈદરાબાદ એરપોર્ટ પર 22:30 કલાકે પહોંચશે.

### અસહ્ય ઉકળાટ બાદ આજે સાંજે વરસાદ ખાબક્યો

શહેરમાં ગઈકાલ રાતથી અસહ્ય ઉકળાટ અને બફારો અનુભવાતો હતો. હવામાન વિભાગે આમ તો વરસાદની વિદાયના સંકેત આપી દીધા છે, પરંતુ લોકલ રેઈનફોલ એક્ટિવિટી હજુ ચાલુ રહેવાની આગાહી છે. જેની અસર આગામી એકાદ અઠવાડિયા સુધી રહેશે. આજે બપોરે એકાએક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને શહેરના અનેક વિસ્તારમાં વીજળીના કડાકા ભડાકા સાથે છુટાછવાયો વરસાદ વરસ્યો હતો. જે પૈકી માત્ર પલસાણા તાલુકામાં 27 મીમી વરસાદ નોંધાયો છે.

# પારુલ યુનિવર્સિટીના ન્યુરોલોજી વિભાગના વિદ્યાર્થીને ચોર સમજી લોકોએ ધોઈ નાંખ્યો

**જીવલેણ** હુમલાનો ભોગ બનેલા વિદ્યાર્થીને પારુલ હોસ્પિટલમાં ICUમાં સારવાર હેઠળ દાખલ કરાયો

**વાઘોડિયા** પોલીસ મથકમાં 15 જેટલા હુમલાખોરો સામે ફરિયાદ નોંધાઈ



(પ્રતિનિધિ) વડોદરા તા.1: વડોદરા જિલ્લાના વાઘોડિયા સહિત વિવિધ તાલુકામાં ટેમ્પો અને ઈકો કારમાં ચોર ટોળકી ફરી રહી છે. અને લોકોને માર મારી ચોરી - લૂટ ચલાવી રહ્યા હોવાની જોરદાર અફવાઓ ચાલી રહી છે. આ અફવાઓ વચ્ચે ભયના ઓથાર નીચે આવી ગયેલા ગામ લોકોએ પોલીસ ઉપર ભરોસો ન રાખતાં રાત્રે ફેરણી શરૂ કરી દીધી છે. જોકે, આકડીયાપુરા ગામના લોકોએ પારુલ યુનિવર્સિટીમાં ન્યુરોલોજીમા

વાઘોડિયા તાલુકાના માડોધર રોડ નવીનગરી, તવરા, વ્યારા, ખંધા, ગજાગરા, માડોધર , આકડીયાપુરા વિગેરે જેવા ગામમાં MP થી વાહનો લઈ ચોરો ચોરી કરવા આવી રહ્યા હોવાની જોરદાર અફવા ચાલી રહી છે. આ અફવાઓ વચ્ચે કેટલાક તત્વો દ્વારા સોશિયલ મીડિયામાં પોલીસ જવાનનો હાથ કાપી નાખેલો અને પોલીસ દ્વારા ચોરને માર મારતો વીડિયો વાયરલ કરાતા ગ્રામ્યજનોમા ગભરાટ ફેલાઈ ગયો છે. અને ગામ લોકોએ પોતાના ગામની સુરક્ષા વચ્ચે ફેરી શરૂ કરી દીધી છે. આવી સ્થિતી પાદરા, ડભોઈ સહિતના તાલુકાઓના ગામોમાં હોવાનું જાણવા મળ્યું છે. ગ્રામ્યજનોની ગેરસમજના કારણે રવિવારે વાઘોડિયા તાલુકાના ગુગલીયાપુરા D-3, શુભ પ્લાઝમા રહેતો અને પારુલ યુનિવર્સિટીમાં BSC ન્યુરોલોજીમા અભ્યાસ કરતો 20 વર્ષિય પાયો એરીક રવિવારની રજા હોવાથી મિત્રની સાઈકલ લઈને વાઘોડિયા ફરવા નિકળ્યો હતો. અને ફરતા ફરતા આકડીયાપુરા ગામ તરફ નીકળી ગયો હતો. દરમિયાન ચોરોને પકડવાની ફિરાકમાં ફરતા આકડીયાપુરા ગામના લોકોને વિદ્યાર્થી પાયો એરીક ચોર જેવો દેખાતા, તેનું નામ પૂછ્યું હતું. વિદેશી વિદ્યાર્થી પાયોને ગુજરાતી આવડતું ન હોવાથી તે અંગ્રેજીમાં વાત કરતાં ગ્રામ્યજનોએ આ યુવાન ચોર હોવાનું અનુમાન લગાવી ઢોર માર માર્યો હતો. ગામલોકો વિદેશી વિદ્યાર્થી પાયો એરીકને માર મારી રહ્યા હતા. તે દરમિયાન પારૂલ યુનિવર્સિટીના પ્રોફેસર છાયંકાબેન આવી જતાં વિદ્યાર્થીને ગામલોકોની ચુંગાલમાંથી મુક્ત કરાવ્યો હતો.